વેચાણ દસ્તાવેજ
ગામ : પુણા, બ્લોક નંબર : ૩૧૧,
ટી.પી. સ્કીમ નંબર : ૬૮,
ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨
સિલ્વર બિઝનેશ હબ
દુકાન નંબર :
ક્ષેત્રફળ : .......... ચો.મી.

## —:: વેચાણ દસ્તાવેજ ::—

અવેજ રૂા.............................../–પુરાનો

આજરોજ તારીખ          માહે          સને ૨૦૧૬ ના અંગ્રેજી દિને શહેર સુરતમાં....

<u>—:: એક તરફવાળા યાને વેચાણ રાખનારા ::—</u>

શ્રી
ઉ.આ.વ. :          , ધંધો :          , ધર્મ : હિન્દુ, PAN NO. :
રહે. :

જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા અને/અગર લખાવી લેનારા અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, એક્ઝિક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે એક તરફવાળા વેચાણ રાખનારા...

-:: બીજી તરફવાળા યાને વેચાણ આપનારા ::-

**મેસર્સ વિજય શ્રી ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી,**

ઠે. બ્લોક નંબર : ૨૦૫, સિલ્વર નેસ્ટ, સિલ્વર ચોક, પુણાગામ, સુરત.

**PAN NO. :AALFV4273F**

તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદાર...

**શ્રી વિપુલકુમાર મનસુખભાઈ વેલાણી**

ઉં.આ.વ. : ૩૫, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ,રહે. : એજનના.....

જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં અમો બીજી તરફવાળા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, એક્ઝિક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે બીજી તરફવાળા વેચાણ આપનારા...

જત અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારને આ વેચાણનો દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :-

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧, **ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા-સીમાડા), ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨** થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ " સિલ્વર બિઝનેશ હબ " ઈમારતના " .......... માળ " પર આવેલ " દુકાન નંબર : ............ " થી નોંધવામાં આવેલ મિલકતના અમો બીજી તરફવાળા સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર છીએ. મજકૂર મિલકત અમો બીજી તરફવાળાનાં સંપૂર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી ભોગવટા વહીવટપણામાં ચાલી આવેલ છે. અને તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

**મજકૂર મિલકતના ટાઈટલ્સ તદન ચોખ્ખા અને માર્કિટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે...**

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ સુરતસીટીના મોજે ગામ પુણાના રેવન્યુ સર્વે

૮



મિલકતના મુળ માલીક તરીકે છોટુભાઈ કલાણભાઈ ચાલી આવેલ. ત્યાર બાદ સદરહુ જમીન તથા અન્ય જમીનો વહેચણી કરતા સદરહુ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨ વાળી જમીન છોટુભાઈ કલાણભાઈના હિસ્સે આવેલી. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૬૭૪ થી તારીખ : ૧૨/૧૨/૧૯૭૫ ના રોજ થયેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ છોટુભાઈ કલાણભાઈનુ અવસાન થવાથી તેમના સીધીલીટીના કાયદેસરના વારસદારો ૧. મણીબેન તે છોટુભાઈ કલાણભાઈની વિધવા, ૨. ચંદનબેન છોટુભાઈ, ૩. ગુલાબબેન છોટુભાઈ, ૪. ગંગાબેન છોટુભાઈ, ૫. સવિતાબેન છોટુભાઈ, ૬. શાંતાબેન છોટુભાઈ, ૭. શંકરભાઈ છોટુભાઈ, ૮. જયંતિભાઈ છોટુભાઈ ના નામો સદરહુ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીનમા વારસાઈ હકકે પેઢીનામુ, મરણનો દાખલાના આધારે દાખલ કરવામાં આવેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૩૬૮ થી તારીખ : ૨૩/૮/૧૯૮૮ ના રોજ થયેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ ૧. ચંદનબેન છોટુભાઈ, ૨. ગુલાબબેન છોટુભાઈ, ૩. ગંગાબેન છોટુભાઈ, ૪. સવિતાબેન છોટુભાઈ, ૫. શાંતાબેન છોટુભાઈએ પોતાનો રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીન માહેનો હકક હિસ્સો ૧. મણીબેન તે છોટુભાઈ કલાણભાઈની વિધવા, ૨. શંકરભાઈ છોટુભાઈ, ૩. જયંતિભાઈ છોટુભાઈ ની તરફેણમાં જતો કરેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ મા નોંધ નંબર : ૨૩૭૭ થી તારીખ : ૨૫/૮/૧૯૮૮ ના રોજ થયેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ ૧. મણીબેન તે છોટુભાઈ કલાણભાઈની વિધવા, ૨. શંકરભાઈ છોટુભાઈ, ૩. જયંતિભાઈ છોટુભાઈ પૈકી જયંતિભાઈ છોટુભાઈએ તા.૪/૩/૧૯૮૯ ના રોજ કરેલ સામાયીકપણાના કરારના આધારે તેમના પત્ની નયનાબેન જયંતિભાઈનુ નામ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીનમાં દાખલ કરેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૪૯૧ થી તારીખ : ૬/૫/૧૯૮૯ ના રોજ થયેલ છે. જે નોંધ તા.૯/૬/૧૯૮૯ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ ૧. મણીબેન તે છોટુભાઈ કલાણભાઈની વિધવા, ૨. શંકરભાઈ છોટુભાઈ, ૩. જયંતિભાઈ છોટુભાઈ, ૪. નયનાબેન જયંતિભાઈ પૈકી ૧. મણીબેન તે છોટુભાઈ કલાણભાઈની વિધવા, ૨. શંકરભાઈ છોટુભાઈ પોતાનો રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીન માહેનો હકક હિસ્સો જયંતિભાઈ છોટુભાઈ ની તરફેણમાં જતો કરેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં

ત્યાર બાદ ૧. જયંતિભાઈ છોટુભાઈ, ૨. નયનાબેન જયંતિભાઈએ સામાયીકપણા ના કરારના આધારે તેમના પુત્રી દર્શનાબેન જયંતિભાઈનુ નામ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીનમાં દાખલ કરેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૩૪૩૪ થી તારીખ : ૨૦/૫/૨૦૦૧ ના રોજ થયેલ છે. જે નોંધ તા.૮/૮/૨૦૦૧ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના પુણા ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ. જે નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૪૧૩૧ તથા ૪૧૩૨ થી તારીખ : ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ છે. જે એન્ટ્રી અનુક્રમે તા.૨૨/૧૨/૨૦૦૬ તથા ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યાર બાદ સદરહુ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીન ૧. જયંતિભાઈ છોટુભાઈ, ૨. નયનાબેન જયંતિભાઈ ૩. દર્શનાબેન જયંતિભાઈ એ ૧. હરેશભાઈ ભુપતભાઈ પાંચાણી તથા ૨. જગત કાનજીભાઈ વિરડીયાને વેચાણ આપેલ. જેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર નવાગામ સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૬૮૨૪ થી તારીખ : ૨૧/૧૨/૨૦૦૬ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૪૧૯૦ થી તારીખ : ૧૮/૫/૨૦૦૭ ના રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૧૮/૯/૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ બ્લોક નંબર : ૩૧૧, રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨ થી નોંધવામાં આવેલ જમીનનો ટી.પી. સ્કીમ નંબર ૬૮ (પુણા-સીમાડા), માં સમાવેશ થતા, તેને ઓરીજીનલ પ્લોટ નંબર : ૧૧૨ તથા ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ ફાળવવામાં આવેલ છે. જે મુજબ ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ નુ ક્ષેત્રફળ ૪૮૮૬ ચોરસ મીટર ફાળવવામાં આવેલ છે.

ત્યાર બાદ સદરહુ રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ વાળી જમીન ૧. હરેશભાઈ ભુપતભાઈ પાંચાણી તથા ૨. જગત કાનજીભાઈ વિરડીયા એ (૧) શ્રી લાલજીભાઈ શામજીભાઈ સોડવડીયા (૨) શ્રી ચંદુભાઈ ખીમજીભાઈ કીડોલીયા (૩) શ્રી બળવંતભાઈ પ્રાગજીભાઈ ચોડવડીયા (૪) શ્રી નાથાલાલ કુરજીભાઈ નાકરાણી (૫) શ્રી સંજય લાલજીભાઈ સોડવડીયાને વેચાણ આપેલ. જેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર નવાગામ સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૫૫૨૦ થી તારીખ : ૧૯/૩/૨૦૧૨ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૩૮૩ થી તારીખ : ૨૦/૪/૨૦૧૨ ના રોજ થયેલ છે. જે નોંધ

ત્યાર બાદ મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ થી નોંધવામાં આવેલ, બિનખેતી ઉપયોગની જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા–સીમાડા) માં સમાવેશ થતા, ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ ફાળવવામાં આવેલ છે, જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૦, આરે.૬૯, ૮૧ ચોરસ મીટર છે, તેમજ ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૪૮૮૬ ચોરસ મીટર છે તે જુની શરતની ખેતીની જમીનને રહેણાંક + વાણિજયના હેતુસર બીનખેતી ઉપયોગની પરવાનગી, કલેકટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ/બખપ/રી.એસ.આર.નં.૨૪૨/૧૩/ વશી નં.૫૬૪૨/૧૩, તારીખ : ૧૭/૧૨/૨૦૧૩ થી આપેલ. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૮૩૯ થી તારીખ : ૨૧/૧૨/૨૦૧૩ ના રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૧૫/૨/૨૦૧૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યાર બાદ મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ થી નોંધવામાં આવેલ, બિનખેતી ઉપયોગની જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા–સીમાડા) માં સમાવેશ થતા, ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ ફાળવવામાં આવેલ છે, જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૦, આરે.૬૯, ૮૧ ચોરસ મીટર છે, તેમજ ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૪૮૮૬ ચોરસ મીટર છે તે જુની શરતની ખેતીની જમીનને વાણિજયના હેતુસર રીવાઈઝ બીનખેતી ઉપયોગની પરવાનગી, કલેકટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : (જે)બખ/તપાસ/ક-૬૭/રજી. નં. ૫૫/૨૦૧૫-૧૬ તારીખ : ૧૭/૧૨/૨૦૧૫ થી આપેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનએ, મજકુર જમીનના બાંધકામ અને વિકાસના પ્લાનો મંજુર કરીને, કોમર્શીયલ બાંધકામ અને વિકાસની પરવાનગી, બાંધકામ રજાચિઠ્ઠી નંબર : **T.D.O./DP/NO. : 441**, તારીખ : ૧/૨/૨૦૧૬ થી આપેલ છે.

ત્યાર બાદ (૧) **શ્રી લાલજીભાઈ શામજીભાઈ સોડવડીયા** (૨) **શ્રી ચંદુભાઈ ખીમજીભાઈ કીડોલીયા** (૩) **શ્રી બળવંતભાઈ પ્રાગજીભાઈ સોડવડીયા** (૪) **શ્રી નાથાલાલ કુરજીભાઈ નાકરાણી** (૫) **શ્રી સંજય લાલજીભાઈ સોડવડીયા** એ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ થી નોંધવામાં આવેલ, બિનખેતી ઉપયોગની જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા–સીમાડા) માં સમાવેશ થતા, ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ ફાળવવામાં આવેલ છે, જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૦, આરે.૬૯, ૮૧ ચોરસ મીટર છે, તેમજ ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૪૮૮૬ ચોરસ મીટર છે તે પૈકી પુર્વ તરફની સુમારે ૨૪૪૩ ચો.મી. ક્ષેત્રફળ

:: ::

**તથા પશ્ચિમ તરફની સુમારે ૨૪૪૩ ચો.મી. ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન,** તા.૧૮/૪/૨૦૧૬ ના રોજ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૪૩૨૨ થી અમો બીજા તરફવાળાને વેચાણ આપેલ. જે બંને દસ્તાવેજો મહે. સબરજીસ્ટ્રાર સાહેબ સુરત-૩ ( નવાગામ) ની કચેરીમાં તા.૧૮/૪/૨૦૧૬ ના રોજ અનુક્રમ નંબર : ૪૩૨૧ તથા ૪૩૨૨ થી નોંધાયેલ છે. જે અંગેની ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હકક પત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૬૩૬૪ થી તારીખ : ૭/૫/૨૦૧૬ ના રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૨૯/૬/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

એણી વિગતે, અમો બીજા તરફવાળા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧ થી નોંધવામાં આવેલ, બિનખેતી ઉપયોગની જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા-સીમાડા) **માં સમાવેશ થતા,** ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ ફાળવવામાં આવેલ છે, જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૦, આરે.૬૯, ૮૧ ચોરસ મીટર છે, તેમજ ફાઈનલ પ્લોટ મુજબનુ **ક્ષેત્રફળ ૪૮૮૬ ચોરસ મીટર છે તે બીનખેતીની જમીન**ના સંપુર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ, અને તેની ઉપર અમો બીજા તરફવાળાએ " **સિલ્વર બિઝનેશ હબ** " નામથી ઈમારતનું બાંધકામ કરેલ છે. એણી વિગતે, અમો બીજા તરફવાળા " **મેસર્સ વિજય શ્રી ઈન્ફ્રા** " ભાગીદારી પેઢીથી મજકુર મિલકતના ટાઈટલ્સ સંપૂર્ણ બને છે.

મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧, ટી.પી. સ્કીમ નંબર : ૬૮ **(પુણા-સીમાડા),** ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ " **સિલ્વર બિઝનેશ હબ** " ઈમારતના ટાઈટલ્સ, બાંધકામના પ્લાન, રજાચિઠ્ઠી, બાંધકામ, ફીટીંગ્સ, ઈલેકિટ્રક ફીટીંગ્સ, ટાઈલ્સ, દુકાનની સાઈઝ, કોમન ફેસીલીટીઝ ઈત્યાદી તમામ બાબતોની તમો એક તરફવાળાએ જાતે તેમજ તે બાબતોના નિષ્ણાંતો દ્વારા જાણકારી મેળવીને જોઈ તપાસીને, તમામ બાબતોની ખાતરી કરી/કરાવી લઈને તથા કબૂલ મંજૂર રાખીને, મજકુર " **સિલ્વર બિઝનેશ હબ** " ઈમારતના " ............. **ફલોર** " ઉપર આવેલ " **દુકાન નંબર : ........** " થી નોંધવામાં આવેલ મિલકત વેચાણ રાખવાનું નકકી કરેલ, અને તે " **દુકાન નંબર : .........** " થી નોંધવામાં આવેલ મિલકત, અમો બીજા તરફવાળા વેચાણ આપનારાએ, તમો એક તરફવાળાને **રૂા..................../- અંકે રૂપિયા ..............................** પુરાના કિંમતી વેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ હતું, તેનો આ વેચાણનો દસ્તાવેજ અમો બીજા તરફ

એક તરફ વાળાને વેચાણ આપેલ મિલકતનું સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ છે. મજકૂર તમોને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ મિલકત હવેપછી આ દસ્તાવેજમાં "મજકૂર મિલકત" અને/અગર "મજકૂર વેચાણ આપેલ મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે સહી.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજનાં નાણાં તમો એક તરફવાળા તરફથી, અમોને નીચેની વિગતે ચુકતે મળેલ છે.

| રકમ | વિગત |
|---|---|
| રૂા. | |
| રૂા. | |

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં રૂા......................./– અંકે રૂપિયા ..............................પુરા, તમો એક તરફવાળા પાસેથી પૂરેપૂરા અમો બીજા તરફવાળાને મળી ગયેલ છે, તેની અમો બીજા તરફવાળા આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળ્યા બદલ કે ન મળ્યા બદલ કે અવેજ ઓછો મળ્યા બદલની અમો બીજા તરફવાળાએ કોઈ તર-તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો બીજા તરફવાળાએ તમો એક તરફવાળા પાસેથી ચૂકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપેલ છે, તથા મજકૂર મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક બનાવીને, મજકૂર મિલકત તમો એક તરફવાળાના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટપણામાં સોંપી દીધેલ છે સહી. મજકૂર મિલકતમાં તમો વસો/વસાવો, અગર કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરો/કરાવો, અગર તમારી મરજી મુજબ ગીરવી, વેચાણ કે બક્ષિસ ઈત્યાદી હરકોઈ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/કરાવવા તમો એક તરફવાળા તથા તમારા વંશ વાલી વારસો સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર, હકકદાર, કબજેદાર થયા છો સહી.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત તદ્દન નબોજા, નકરજા,

:: ::

ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી છે અને તે મિલકત અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા વેચાણ રાખનાર સિવાય અન્ય કોઈને વેચાણ આપી નથી કે કોઈને ગીરવી, બક્ષિસ કે સાટાખતથી લખી આપેલ નથી, કે તે સરકારી કચેરીઓના પ્રકરણમાં સંડોવાયેલી નથી, કે કોઈનજામીન તરીકે લખી આપેલ નથી, કે તેના ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ કે બોજો નથી, તેની સંપૂર્ણ ખાત્રી તમો એક તરફવાળાને કરાવી આપેલ છે અને તે તમામ તમો એક તરફવાળાએ કબુલ, મંજુર રાખીને મજકૂર જમીન/મિલકત વેચાણ રાખેલ છે. તેમજ મજકૂર વેચાણ આપેલ મિલકતના ટાઈટલ્સ અંગેના જુના દસ્તાવેજો, રેવન્યું દફતરની નકલો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચિઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો, તમો એક તરફવાળાને સુપરત કરેલ છે. આથી તેવા ટાઈટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઈપણ પ્રકારની માંગણી કે તર-તકરાર તમો એક તરફવાળાએ કરવા/કરાવવાની નથી અને તેનો તમો એક તરફવાળાએ સ્વીકાર કરેલો છે સહી.

તમો એક તરફવાળા વેચાણ રાખનારને અમો બીજી તરફવાળાએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન/વિગત વાળો માત્ર બાંધકામ વાળો હિસ્સો, મજકુર મિલકતની ઈમારત તળેની જમીનના વણવહેંચાયેલ હિસ્સા તથા સહીયારા વપરાશની જગ્યાના વપરાશના હકકો સાથેનો જ ફકત વેચાણ આપેલ છે. આથી તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતની આગળ પાછળ આજુબાજુ, નીચે-ઉપરની તરફે આવેલ બ્લોકસ, અન્ય દુકાનો, ખુલ્લી જગ્યા તેમજ સમગ્ર કોમ્પલેક્ષની બાકીની જગ્યા, મિલકત ઈત્યાદીમાં આ દસ્તાવેજ દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવેલા હકક સિવાયના કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર તમો એક તરફ વાળાનો છે નહી, રહેશે નહી કે ગણાશે નહી. તેમજ અમો બીજી તરફવાળા ઈમારતની અગાસી વાળી જગ્યા/મિલકત અન્ય કોઈપણને ઉપયોગ, ઉપભોગ કે વપરાશ માટે લીઝ, વેચાણ કે અન્ય રીતે આપી શકીશું સહી, તબદીલ કરી શકીશું સહી. ભવિષ્યમાં આખી મિલકત અંગે વધારાની એફ. એસ. આઈ. મળે કે મંજુર થાય તો અમો બીજી તરફવાળા મજકૂર વધારાનું બાંધકામ કરી/કરાવીને વેચાણ આપી શકીશું સહી. મજકૂર તમામનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ-મંજુર રાખીને મજકૂર મિલકત વેચાણ રાખેલ છે.

તમો એક તરફવાળા કે અન્ય દુકાન હોલ્ડર્સ, મજકૂર " સિલ્વર બિઝનેશ હબ " ઈમારતોના કલર એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી/કરાવી શકશે નહી, તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને કબુલ મંજુર રાખેલ છે સહી. મજકૂર " સિલ્વર બિઝનેશ હબ " વાળી ઈમારતોમાં આવેલ પાણીની ટાંકીઓ, બોરીંગ તથા અંડરગ્રાઉન્ડ પાણીની

:: ::

વિજળી વપરાશના બિલો, પાર્કીંગ, પેસેઝ, દાદર, ઈત્યાદીની સાફ-સફાઈ ખર્ચ, પાર્કીંગ અંગેનો મ્યુનિસિપલ વેરો વગેરે તમામ ખર્ચાઓ, વેરાઓ, ચાર્જીસ વગેરે, તેમજ મજકૂર " સિલ્વર બિઝનેશ હબ " સંપુર્ણ ઈમારતની સહિયારી સગવડતાઓ જેવી કે આંતરિક રસ્તાઓ, કમ્પાઉન્ડ વોલ તથા લાઈટસ, કોમન લાઈટો, વગેરેની જાળવણી, મેઈન્ટેનન્સ રીપેરીંગ અને વપરાશી ખર્ચ, સીકયુરીટીઝ, કોમન એરીયાની સફાઈ વગેરે જાળવણી તથા વપરાશી ખર્ચ, વેરાઓ, ચાર્જીસ વગેરે ખર્ચાઓ, તમો એક તરફ વાળા તથા બાકીના સભ્યો, કબજેદાર, માલિકોએ ફાળે પડતો ચુકવવાનો/ ભોગવવાનો રહેશે સહી.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનો કબજો તમો એક તરફવાળાને અમો બીજી તરફવાળાને સુપરત કરેલ છે જે તમો એક તરફવાળાએ જોઈ તપાસી સંભાળી લીધેલ છે. હવે પછીની કોઈપણ પ્રકારનું લીકેજ થાય તો તેનું સમારકામ સ્વખર્ચે તેમજ જોખમે કરવા/કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે તે કબજેદાર, વપરાશકાર, માલીકની ગણાશે સહી. જે દુકાન માંથી લીકેજીંગ થતું હોય તે દુકાનના કબજેદાર, વપરાશકાર, માલિકોએ તે લીકેજ રીપેરીંગ પોતાના ખર્ચે કરાવી આપવાનું રહેશે સહી. જો ટેરેસમાંથી લીકેજીંગ થતુ હોય તો ઈમારતના તમામ સભ્યો, કબજેદારો, માલિકોએ સહીયારી રીતે તે લીકેજનું રીપેરીંગ પોતાના ખર્ચે કરાવી આપવાનું રહેશે સહી. તમો તરફવાળા તેમજ ઈમારતના અન્ય માલિક, કબજેદારો દુકાનના આર.સી.સી ફ્રેમ સ્ટ્રકટરને નુકશાન થાય તે પ્રકારની કોઈપણ તોડ-ફોડ, ફેરફાર, સુધારો-વધારો અમો બીજી તરફવાળા તથા અમારા આર્કિટેકટની લેખીત પુર્વ-મંજુરી વીના કરી/કરાવી શકશો નહીં. આજદીન બાદ કુદરતી આપતિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પૂર, ભુકંપ, આગ, વાવાઝોડું વગેરે તથા માનવ સર્જિત આપતિઓ જેવી કે રમખાણો, તોફાનો, આગજની, બાંધકામમાં ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વગેરેને કારણે બાંધકામને નુકશાન થાય કે કોઈ જાનહાનિ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમો એક તરફવાળાની રહેશે સહી, ગણાશે સહી. તથા તે અંગે અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે, કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી. અને તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.

મજકૂર " સિલ્વર બિઝનેશ હબ " ઈમારતના વહીવટ, દેખરેખ અને જાળવણી માટે જો કોઈ એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવે તો તમો એક તરફવાળાએ તથા અન્ય દુકાન હોલ્ડરો, કબજેદારો, વપરાશકારો ફરજીયાત રીતે તેના સભાસદ બનવાનું રહેશે તથા તેની રચના અંગે જે કોઈ ખર્ચ થાય તેમાં તમારા હીસ્સે પડતા

:: ::

કરવાનું રહેશે તથા નિયત કરવામાં આવે તેવી મેઈન્ટેનન્સ ખર્ચની રકમ/નાણાં નિયમિત રીતે તમોએ ચુકવવાના રહેશે.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત અંગેના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, વગેરે તમામ પ્રકારના વેરાઓ ફાળાઓ, ચાર્જીસ ભરપાઈ કરવામાં આવેલ છે. મજકુર મિલકત અંગના હવે પછીના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, બેટરમેન્ટ ચાર્જીસ વગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ ઈત્યાદી તમો એક તરફવાળાએ ભરપાઈ કરવાનાં રહેશે સહી.

એક તરફવાળાએ મજકુર મિલકતનુ બુકિંગ કરાવેલ તે પ્રમાણેની તમામ કોમન સુવિધાઓ તથા દુકાનની અંદરની સુવિધાઓ તથા બિલ્ડીંગની સુવિધાઓ, સોસાયટીની સુવિધાઓ બીજી તરફવાળાએ સંપુર્ણપણે પરીપુર્ણ કરી આપેલ છે. જે બાબત એક તરફવાળાએ પુરેપુરી જોઈ ચકાસી લીધેલ છે જે બાબતે એક તરફવાળાને કોઈપણ પ્રકારની તકરાર નથી તેમજ ભવિષ્યમાં કરવાની નથી જો કરે તો આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય. મજકુર તમામનો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ-મંજુર રાખેલ છે સહી. તેમજ મજકુર મિલકતનુ બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબ થયેલ છે તે તથા મજકુર મિલકતના ટાઈટલ્સ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી કરાવીને ખાતરી કરી કરાવીને જોઈ તપાસીને મજકુર મિલકત તમોએ વેચાણ રાખેલ છે.

મજકુર " સિલ્વર બિઝનેશ હબ " માં આવેલ લીફટ અંગેના સાધનોની તેમજ અન્ય તમામ સુવિધાઓ, એક તરફ વાળાએ જાતે તથા તેના નિષ્ણાંતો દ્વારા, પુરેપુરી જોઈ ચકાસી લીધેલ છે, જે હાલ સંપુર્ણ ચાલુ કન્ડીશનમાં, તમો એક તરફવાળાને, અમો બીજી તરફ વાળાએ સુપ્રત કરેલ છે તેમજ હવે પછીથી તે તમામ સુવિધાઓની જાળવણી, કાયદેસરની તમામ પરવાનગીઓ રીન્યુ કરાવવાની તમામ કાર્યવાહી તમો એક તરફ વાળા તથા બાકીના સભ્યો, કબજેદાર, માલિકોએ જાતે કરવાની રહેશે તેમજ તે અંગેના ખર્ચાઓ, તમો એક તરફવાળા તથા બાકીના સભ્યો, કબજેદાર, માલિકોએ ફાળે પડતો ચુકવવાનો/ભોગવવાનો રહેશે સહી તેમજ તે અંગે હવે પછી અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે, કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી અને તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને,કબુલ મંજુર રાખેલ છે સહી.

:: ::

અમો વેચાણ આપનારે મજકુર મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપરત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઈપણ પ્રકારનું બાંધકામ કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન  તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે. અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી કરાવીને ખાતરી કરી કરાવીને જોઈ તપાસીને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે. નકકી થયા મુજબની તમામ સુવિધાઓ તમામ પ્રકારે સંપુર્ણ રીતે પરીપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ માલ સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકચર્સ વિગેરે યોગ્ય ગુણવતા વાળા છે અને તે બાબતે તમો એક તરફવાળાને કોઈપણ પ્રકારની ફરીયાદ તકરાર છે નહી તેમજ હવે પછી ભવિષ્યમાં પણ તમો એક તરફવાળાએ તે બાબતે કોઈ ફરીયાદ કે તકરાર કરવા-કરાવવાની નથી. તેમ છતા કરીએ કરાવીએ તો તે રદબાતલ થાય સહી.

તેમજ વખતો વખત સરકારી ધારા ધોરણો અનુસાર રજીસ્ટર્ડ સ્ટ્રકચર એન્જીનીયર પાસે સંપુર્ણ બિલ્ડીંગનુ ઈન્સપેકશન કરાવી જરૂરી ફેરફારો, સમારકામ કરાવવા માટે, કોઈપણ જાતની આનાકાની વગર તમામ સભ્યોએ સંમત થઈ જે તે જરૂરી ફેરફારો, સમારકામ સ્વખર્ચે કરી,  સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ, રજીસ્ટર્ડ સ્ટ્રકચર એન્જીનીયર પાસેથી મેળવી લેવાનુ રહેશે. તે અંગે હવે પછી અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે, કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી અને તેનો તમો એક તરફ વાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજૂર રાખેલ છે સહી.

તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દફતરે, સીટી સર્વે કચેરી તેમજ અન્ય સરકારી-અર્ધસરકારી કચેરીઓના દફતરે તમો એક તરફ વાળા તમારા નામ ઉપર દાખલ કરાવી લેજો. તે અંગે જરૂરી સહી, કબુલાત, મંજૂરી વગેરે અમો બીજી  તરફવાળાએ આપવી સહી, તથા આ દસ્તાવેજ થકી અમારી તેવી કબુલાત, મંજૂરી ગણાય સહી.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટાંપ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, તથા અન્ય પરચુરણ ખર્ચ તમો એક તરફવાળાએ ભોગવેલ છે, ચુકવેલ છે તથા ભોગવવાનો/ચુકવવાનો રહેશે. ભવિષ્યમાં વધારાની સ્ટાંપ ડયુટી, નોંધણી ફી, દંડ, વ્યાજ કે અન્ય ખર્ચાઓની જે કાંઈ રકમ ચુકવવાની થાય તો તે તમામ રકમ/નાણાં તમો એક તરફવાળાએ ભરપાઈ કરવાના

::    ::

## —:: પરિશિષ્ટ ::—

## —:: વેચાણ આપેલ મિલકતનું વર્ણન ::—

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા, ગામ મોજે પુણા ના **રેવન્યુ સર્વે નંબર : ૨૭૯/૨, રેવન્યું બ્લોક નંબર : ૩૧૧, ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા–સીમાડા), ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨** થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ **" સિલ્વર બિઝનેશ હબ "** ઈમારતના " .......... માળ " પર આવેલ **" દુકાન નંબર : ............ "** થી નોંધવામાં આવેલ મિલકત કે જેનું કુલ ક્ષેત્રફળ સુમારે બિલ્ટઅપ ...... ચોરસ મીટર છે, તે મિલકત તથા **" સિલ્વર બિઝનેશ હબ "** સંપુર્ણ ઈમારત તળેની જમીનના ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સા સહિત, તથા લાગતા વળગતા હકકો સહિતની. મજકૂર **" સિલ્વર બિઝનેશ હબ " ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨ "** ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુર્વે | :- | ૪૫ મીટરનો રોડ | પશ્ચિમ | :- | ફા. પ્લોટ નંબર : ૧૦૮ |
| ઉત્તર | :- | ૩૦ મીટરનો રોડ | દક્ષિણ | :- | ફા. પ્લોટ નંબર : ૧૧૧, ૧૧૩/એ |

ઉપરની વિગતે આ વેચાણ દસ્તાવેજ અમો બીજી તરફવાળા વેચાણ આપનારાએ અમારી રાજીખુશીથી તથા અકકલ હોશિયારીથી, તન-મનની સ્વસ્થ, સાવધ અને બીનકેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ-દબાણ, ધાક-ધમકી કે શેહશરમમાં આવ્યા વિના વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો બીજી તરફવાળા ભાગીદારી પેઢી, ભાગીદારી પેઢીના હાલના તથા વખતોવખતના ભાગીદારો, એક્ઝિકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનીધિઓ ઈત્યાદિ તમામને એકામતે અને એકાજુથે કબુલ, મંજુર તથા બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે.................................................મતુ તત્રે.................................................શાખ

**મેસર્સ વિજય શ્રી ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી,**
**વતી અને તર્ફે તેના અધિકૃત ભાગીદાર**
**શ્રી વિપુલકુમાર મનસુખભાઈ વેલાણી**

:-.......................................................    :-.......................................................
(સાક્ષી)

:: ::

મિલકતનુ સરનામુ :- દુકાન નંબર : ..........., " સિલ્વર બિઝનેસ હબ " બ્લોક નંબર : ૩૧૧,
ટી.પી. સ્કીમ નંબર : ૬૮ (પુણા–સીમાડા), ફાઈનલ પ્લોટ નંબર : ૧૧૨,
બી.આર.ટી.એસ. રોડ, પુણાગામ, સુરત.

વેચનારની સહી :-..........................................................................................

:: ::

| સહી | ફોટો | અંગુઠાનું નિશાન |
|---|---|---|

-:: વેચનાર ::-

મેસર્સ વિજય શ્રી ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી,
વતી અને તર્ફે તેના અધિકૃત ભાગીદાર
શ્રી વિપુલકુમાર મનસુખભાઈ વેલાણી

સહી..........................................

-:: ખરીદનાર ::-

શ્રી

સહી..........................................

દસ્તાવેજ નંબર : ........................ તા. ........................

॥ પરીશીષ્ટ ॥

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ(હાકેના) |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ પુણા ગામના બ્લોક નંબર : ૩૧૧, ટી.પી. સ્કીમ નં. ૬૮ ફા. પ્લોટ નંબર : ૧૧૨ વાળી બીનખેતીની જમીન ઉપર આવેલ " સિલ્વર બિઝનેશ હબ " ઈમારતના "........... માળ " પર આવેલ " દુકાન નંબર : ............. " વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.? | |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ દુકાન નંબર : .......... જેનું બિલ્ટઅપ ક્ષેત્રફળ .......... ચો.મી. નો લેખ કરી આપેલ છે.? | |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ પેઢીને મળેલ છે.? | |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે/કુ.મુ. તરીકે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે.તે તમે કબૂલ રાખો છો.? | |
| ૫ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો. ? | |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો. ? | |
| ૨ | દસ્તાવેજ માં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે. ? | |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

મેસર્સ વિજય શ્રી ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી, વતી અને તર્ફે તેના અધિકૃત ભાગીદાર

શ્રી વિપુલકુમાર મનસુખભાઈ વેલાણી

ઓળખાણ આપનાર ની સહી

સબરજીસ્ટ્રાર : સહી